Letter No: COS/0319/06/2026 Approved Date: 17-06-2026

કમિશનર શાળાઓની કચેરી,

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,

સેક્ટર-૧૯, ગાંધીનગર

તા. **E-Sign** મુજબ

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી

તમામ.

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 2549
તારીખ 18/6/26
સહી......
કચેરીની સહી......

વિષય: ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ: ૧. શિક્ષા મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હીના પત્ર ક્રમાંક: D.O. No. 13-1/2025-15,4, તા.06/06/2026

૨. શિક્ષા મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હીના પત્ર ક્રમાંક: D.O. No. 29-2/2025-S&S તા.12/06/2026

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્રમાં જણાવ્યા મુજબ ૧૨મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ (International Day of Yoga - IDY) સમગ્ર વિશ્વમાં 21.06.2026 ના રોજ ઉજવવામાં આવનાર છે. અગાઉના વર્ષોની જેમ આ વર્ષે પણ આયુષ મંત્રાલય (M/o AYUSH) ના કોમન યોગા પ્રોટોકોલ (CYP) અનુસાર દેશભરના વિવિધ સ્થળોએ સામૂહિક યોગ પ્રદર્શન યોજાશે. IDY 2026ની થીમ "સ્વસ્થ વૃધ્ધાવસ્થા માટે યોગ" (Yoga for Healthy Ageing) છે. ભારતના માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા પશ્ચિમ બંગાળના કોલકત્તા શહેરથી સવારે 6:30 વાગ્યે યોગ સંગમ કાર્યક્રમ અંતર્ગત થનાર સંબોધન નિહાળવા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે અને ત્યારબાદ CYP માં સમન્વિત રીતે ભાગ લેવાય તે માટે જરૂરી આયોજન કરવાનું રહેશે.

આ કાર્યક્રમની ઉજવણી અને પ્રચાર પ્રસાર માટે આયુષ મંત્રાલયે IDY 2026 સંબંધિત પ્રારંભિક પ્રચાર સામગ્રી (લોગો, બેકડ્રોપ, સંદર્ભ સામગ્રી તેમજ સોશિયલ મીડિયા માટેના વિડિયો, બેનર અને ઈન્ફોગ્રાફિક્સ) ધરાવતી **Google Drive** લિંક તૈયાર કરી છે અને શેર કરી છે. આ સામગ્રી આપના તાબા હેઠળની તમામ શાળાઓ/સંસ્થાઓમાં કાર્યક્રમના પ્રચાર પ્રસાર માટે પ્રસારિત કરવાની રહેશે. આ સામગ્રી નીચેની લિંક પર ઉપલબ્ધ છે.

**https://drive.google.com/drive/folders/1lRmU2qPHn0mjxGQyUYPJIX3Bt1oBllMe�**

આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, NCC/NSS સ્વયંસેવકો, વાલીઓ તથા સ્થાનિક સમુદાય યોગ દિવસની ઉજવણીમાં સક્રિયપણે ભાગ લે તે માટે પ્રોત્સાહિત કરવા તથા નાગરિકોમાં આરોગ્ય, સૌહાર્દ અને માનસિક જાગૃતિ (Mindfulness) ને પ્રોત્સાહન આપવાનો છે. તેઓ 21.06.2026 ના રોજ યોજાનારા વિશેષ યોગ સત્રમાં ભાગ લઈને યોગ સંગમ (Yoga Sangam) માં મહત્તમ ભાગીદારી કરે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આપના તાબા હેઠળની તમામ શાળાઓ/સંસ્થાઓ યોગ સંગમ પોર્ટલ ઉપર

File No: COS/SEC/e-file/276/2026/2010/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*



ક્રમાંક. ક – ૩/પરચ/૨૦૨૬/ ૯૯૦૦
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા.
તા. ૧૮/ ૦૬ /૨૦૨૬

ર/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

**નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)**

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

Scanned with CamScanner

**(https://yoga.ayush.go.in/yoga-sangam)** ઉપર પોતાની શાળા/સંસ્થાની નોંધણી કરાવે તે અંગેની જાણ આપની કક્ષાએથી કરવાની રહેશે.

૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કાર્યક્રમમાં સર્વશ્રેષ્ઠ ભાગીદારી માટે આપના તાબા હેઠળની તમામ સરકારી, અનુદાનિત તથા સ્વ નિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/સંસ્થાઓ ૨૧ જૂન ૨૦૨૬ના રોજ સવારે ૬:૩૦ થી ૭:૪૫ દરમિયાન સ્પેશીયલ યોગ સેશનનું આયોજન કરી તેમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, NCC/NSS સ્વયંસેવકો, વાલીઓ તથા સ્થાનિક સમુદાય વ્યાપક ભાગીદારી નોંધાવે તે આપના દ્વારા સુનિશ્ચિત કરવાનું રહેશે. આ કાર્યક્રમના સફળ આયોજન માટે આપના જિલ્લાના વર્ગ - ૦૨ ના અધિકારીશ્રીની નોડલ અધિકારી તરીકે નિમણૂંક કરવાની રહેશે અને તેમના નામ અને મોબાઈલ નંબર ની વિગતો આ સાથે સામેલ ગુગલ શીટમાં મોકલી આપવી તેમજ કાર્યક્રમમાં ભાગ લીધેલ શાળાઓ/સંસ્થાઓ, વિદ્યાર્થીઓ તથા અન્ય વિગતો આ સાથે સામેલ ગુગલશીટમાં તા. ૨૧.૦૬.૨૦૨૬ નાં રોજ સવારે 10:00 વાગ્યા સુધીમાં ભરી બિનચૂક મોકલી આપવા જણાવવામાં આવે છે.

વધુમાં, ઉક્ત જણાવ્યા મુજબની સૂચનાઓના અમલીકરણ આપના તાબા હેઠળની તમામ સરકારી, અનુદાનિત તથા સ્વ નિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/સંસ્થાઓમાં થાય તથા કાર્યક્રમમાં ભાગ લીધેલ શાળાઓ/સંસ્થાઓ, વિદ્યાર્થીઓની વિગતો આ સાથે સામેલ ગુગલશીટમાં ભરી ઉક્ત સમયમર્યાદામાં અત્રેની કચેરીને મળી રહે તે આપની કક્ષાએથી સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

**નોંધ પર મળેલ માનનીય કમિશનરશ્રીના આદેશાનુસાર.**

**E-Sign**
નાયબ શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:</u>

- માનનીય કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી
- સચિવશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, વ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

*Signature Not Verified*

Signed by: Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2026.06.17 12:46:07 +5:30



Scanned with CamScanner